પુણ્યને
અનંતગણું
બનાવવા
શાસ્ત્રીય
ટિપ્સ

# દાન આપતાં પહેલાં

## પ્રિયમ્

**अहो श्रुतम्**
બાબુલાલ સરેમલજી
સિદ્ધાચલ બંગ્લોઝ, હીરા જૈન સોસાયટી,
સાબરમતી, અમદાવાદ-૩૮૦૦૦૫.
મો. ૯૪૨૬૫૮૫૯૦૪
ahoshrut.bs@gmail.com



ચિત્ત, વિત્ત અને પાત્ર
આ ત્રણ જેટલાં ઉંચા,
એટલું જ
દાનનું ફળ ઊંચું હોય છે.
ચિત્ત એટલે હૃદયના ભાવ,
વિત્ત એટલે દાનમાં અપાતી વસ્તુ
અને પાત્ર એટલે જેમને
આપીએ છીએ તે વ્યક્તિ.

દેવ, ગુરુ અને સંઘ
આ ત્રણ વિશ્વમાં સર્વોત્કૃષ્ટ પાત્ર છે.
માટે જ તેમને દાન આપતા
સર્વોત્કૃષ્ટ ભાવ જાગે છે.
આ ત્રણને આપેલું થોડું પણ
દાન અક્ષયનિધિ બની જાય છે.
જે આપણને ઉત્તરોત્તર
શ્રેષ્ઠ સુખો આપે છે.
અને શાશ્વત સુખના
સ્વામી બનાવે છે.

**दाणं भागनिहाणं ।**

બીજા શબ્દોમાં

જિનશાસનના સાત ક્ષેત્રોમાં

આપેલું દાન

સર્વોત્કૃષ્ટ ફળ આપનારું થાય છે.

તે સાત ક્ષેત્ર છે →

જિનાલય, જિનપ્રતિમા,

જિનવાણી,

સાધુ, સાધ્વી,

શ્રાવક અને શ્રાવિકા,

**सप्तक्षेत्र्यां धनं वपन् ।**

જેઓ દયાપાત્ર છે,

તેમને દયાથી દાન અપાય,

અને જેઓ સુપાત્ર છે,

એમને ભક્તિથી દાન અપાય.

જે દાતામાં આ વિવેક નથી,

તે અતિચાર સેવે છે,

અર્થાત્

પાપ કરે છે.

**अन्यथाधीस्तु**

**दातृणामतिचारप्रसञ्जिका ।**

જ્યાં થોડા જીવો ઉપર જ
ઉપકાર થાય
અને પુષ્કળ જીવોની ઘોર હિંસા થાય
તેને અનુકંપા દાન ન કહેવાય.
જિનશાસનની દયા ઘણી વિશાળ છે.
અને ઘણી સૂક્ષ્મ છે.
અહીં માનવની દયા પણ આવશ્યક છે.
કીડાની દયા પણ આવશ્યક છે.
અને પૃથ્વીકાય આદિની દયા
પણ આવશ્યક છે.

**स्तोकानामुपकारः स्यादारम्भाद्यत्र भूयसां तत्राऽनुकम्पा न मता ।**

છતાં
ખાસ કારણથી દાનશાળા,
અનુકંપાદાન
વગેરે જે કરવામાં આવે છે.
તેનું કારણ છે શાસનની પ્રભાવના
અનુકંપાના વિશિષ્ટ કાર્યોથી લોકો
જિનશાસનની
ખૂબ ખૂબ અનુમોદના કરે
અને બોધિબીજ પામીને શાશ્વત
કલ્યાણ પામે.
એ રીતે અનુકંપાદાન ઉચિત ઠરે છે.

**तत्तु प्रवचनोन्नत्या बीजाधानादिभावतः।**

આ સ્થિતિમાં

જેઓ જિનશાસનનું ગૌરવ વધે

એ બાબતની ઉપેક્ષા કરે છે,

તેઓ અનુકંપાદાનના ખરા

ઉદ્દેશને જાળવી શકતા નથી,

અને

અનુકંપાદાનના ખરા ફળને

પણ મેળવી શકતા નથી.

**अभिसन्धेः फलं भिन्नम् ।**

જેમની દૃષ્ટિમાં
જિનશાસનના સાત ક્ષેત્રો કરતાં પણ
આદિવાસી, ભિક્ષુકો વગેરે
ઉચ્ચ ક્ષેત્રો છે,
તેઓ બિચારા અંધારામાં છે.
તેઓ ફળદ્રુપ ભૂમિની ઉપેક્ષા કરીને
ઉષર ભૂમિમાં વાવેતર કરી રહ્યા છે.
બીજા શબ્દોમાં
તેઓ લીંબુ વાવીને
રાહ જોઈ રહ્યા છે,
કે ક્યારે મોસંબી પાકે ?

**दत्तं सुपात्राय बहुकर्मक्षयक्षमम् ।**

ઘોર પાપો કરનારા જીવોને,

જીવવધ કરનારાઓને,

માંસભક્ષીઓને

કોઈ જ વિચાર–વિવેક કર્યા

વિના જેઓ દાન આપે છે

તેઓ ચંદનને બાળીને

કોલસાનો વેપાર કરે છે.

**प्रज्वाल्य चन्दनं कुर्यात्**

**कष्टामङ्गारजीविकाम् ।**

જિનશાસન
અનુકંપાદાનની કદી ના પાડતું નથી.
શરત એટલી જ
કે એમાં ઔચિત્ય અને વિવેક
ભારો ભાર હોવા જોઈએ.
કારણ કે
આ જ ધર્મનું મૂળ છે.
**धर्मादिमूलमौचित्यम् ।**

માત્ર સ્વરૂચિથી સ્કુલ, કોલેજ,
હોસ્પિટલ કે અનાથાશ્રમમાં
અથવા ઝૂંપડપટ્ટી કે જંગલમાં
જે દાન આપી દે,
પણ જિનાજ્ઞા કે જિનશાસનના
ગૌરવની કોઈ અપેક્ષા ન રાખે,
એ દાનના ફળના ભાગાકાર કરે છે.
બીજી બાજુ જિનાજ્ઞા અને
જિનશાસનના ગૌરવને સાપેક્ષપણે
જે દાન આપે તે દાનના ફળના
ગુણાકાર કરે છે.

**वचनाराधनया खलु**
**धर्मस्तद्बाधया त्वधर्मः ।**

ખીચડી આપવી સારી જ છે
પણ સાથે એને ધર્મ પણ
આપીએ તો વધુ સારું છે
કુશળ મહાત્મા/પંડિતજી/પુસ્તક દ્વારા
ધર્મ આપી શકો
ભલે નાનો પણ ધર્મ.
ખીચડી માત્ર એક ટંકની ભૂખ ભાંગશે.
જ્યારે ધર્મ એના ભવો ભવના દુઃખોને
દૂર કરી દેશે.
આપણે જો માત્ર આટલો વિચાર કરીએ,
તો ખીચડીદાનના પુણ્યના ગુણાકારો
થઈ શકે છે.

**सुखं धर्मात् ।**

ગરીબને ધાબળો ઓઢાડીએ
ત્યારે આપણે એવો પણ
વિચાર કરી શકીએ
કે 'શીત નરકોમાં એને અસંખ્ય કાળ
સુધી ધ્રુજવું ન પડે,
એ માટે હું શું કરી શકું ?'
ત્યાં તો આપણે એને ધાબળો
નહીં ઓઢાડી શકીએ.
પણ અત્યારે આપણે
એવું જરૂર કરી શકશું,
કે એને નરકમાં જવું જ ન પડે.

આ જીવન ખૂબ જ ટૂંકું છે,
ને ભાવિ ખૂબ લાંબું છે.
‘અલ્પ’ની સાથે સાથે આપણે
‘અનંત’નો ય
વિચાર કરીશું,
તો આપણું દાન અનંતગણું ફળ
આપી શકશે.

**जिणिंदमुणिणो धम्मियं**

**दाणं पसंसंति ।**

પ્રભુ વીરના જન્મોત્સવ નિમિત્તે
સ્કુલમાં કોરી નોટ આપવી વધુ સારી ?
કે પ્રભુ વીરની દિવ્ય જીવની આપવી
વધુ સારી ?
એ ખાલી નોટને એ દિવ્યતાથી ભરી દો.
એ બાળકોના જન્મોજનમ સુખોથી
ભરાઈ જશે.
આશાતનાભીરુ ભાગ્યશાળીઓ
અચૂક આ લાભ લઈ લે,
કારણ કે પ્રભુના જ અવસરે
પ્રભુની જ ઉપેક્ષા,
એ આશાતના જ છે ને ?

**जिणअपुरक्कारभावाओ ।**

ધન્ય છે એ શ્રાવકને
જેણે પૂજ્ય સંયમી ભગવંતો માટે
અનામત રૂમ રાખવાની
અને તેમનો નિઃશુલ્ક ઉપચાર
કરવાની શરતે
હોસ્પિટલમાં દાન આપ્યું.
અને
પોતાના પુણ્યને અનંતગણું
બનાવી દીધું.

ધન્ય છે એ જિનશાસનપ્રેમીને
જેણે રોજ પ્રાર્થનામાં
નવકાર મહામંત્ર બોલાવવાની
શરતે અને સ્કુલનું નામ
'નવકાર' રાખવાની શરતે
સ્કુલમાં દાન આપ્યું
અને વિદ્યાર્થીઓનું સાનુબંધ
કલ્યાણ કરવા દ્વારા
પોતાના દાનનું અઘઘઘ
ફળ મેળવી લીધું.

ધન્ય છે એ ભાગ્યશાળીને
જેઓ સ્કુલમાં લ્હાણી કરતાં પૂર્વે
એક કુશળ મહાત્માને ત્યાં લઈ ગયાં
તેમનું પ્રવચન ત્યાં રખાવ્યું.
અને સેંકડો આત્માઓમાં
જિનશાસન પ્રત્યેનો
અહોભાવ ઉત્પન્ન કરી લીધો.
આશય આ છે
આપો છો, તો એવું આપો કે
લેનારનું ભવોભવનું દળદર ફીટી જાય.
ને તમને પોતાને દાનનું ઉત્કૃષ્ટમાં
ઉત્કૃષ્ટ ફળ મળે.

જિનશાસનમાં દાન અપાય
ત્યારે જે ક્ષેત્રમાં વિશેષ
આવશ્યકતા હોય,
તે ક્ષેત્રમાં દાન આપવાથી
ઉત્કૃષ્ટ ફળ મળે છે.

**काले दिन्नस्स अग्घो**
**ण तीरए काउं ।**

વર્તમાનમાં શ્રીસંઘમાં સમ્યક્
જ્ઞાનની અસહ્ય આવશ્યકતા છે.
જો દાનવીરો શ્રીસંઘમાં સમ્યક્
જ્ઞાનનું સ્તર ઊંચું આવે,
તે રીતે દાનનો પ્રવાહ વહેવડાવે,
તો જિનશાસનની વર્તમાન
મહત્તમ સમસ્યાઓનો
અંત આવી જાય.
શ્રીસંઘના અદ્‌ભુત અભ્યુદયની
શરૂઆત થઈ જાય.
આવું દાન ખરેખર સ્વ અને
પર માટે અક્ષયનિધાન બની રહે.

**ज्ञानदानं हितावहम् ।**

માત્ર દાનમાં નહીં
પણ પ્રત્યેક અનુષ્ઠાનમાં
આટલો વિચાર કરો,
કે આમાં મારા ભગવાને
શું કહ્યું છે ?
આ બાબતમાં મારા ભગવાનની
આજ્ઞા શું છે ?

**विहितमिति प्रवृत्तिः ।**

જેઓ જિનાજ્ઞાપૂર્વક પ્રવૃત્તિ કરે છે.
તેમને અવશ્ય મોક્ષ મળે છે.
બાકી જેઓ 'સારું' પણ
પોતાની બુદ્ધિથી કરવા જાય છે,
તેમનું બધું જ સંસારકારણ
થાય છે..

**जिणाणाए कुणंताणं,**
**णूणं णिव्वाणकारणं ।**
**सुंदरं पि सबुद्धीए,**
**सव्वं भवणिबंधणं ॥**